સત્સંગ
ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ

# શિવ અને કૃષ્ણ : ભક્તિ અને પ્રેમનું અદભુત બંધન

**ધર્મરંગ**
**વ્યોમા સેલર**

ભારતીય સનાતન પરંપરામાં ભગવાન શિવ અને ભગવાન શ્રીકૃષ્ણ બંનેનું સ્થાન અત્યંત મહત્ત્વપૂર્ણ છે. સામાન્ય રીતે ભક્તો તેમને અલગ-અલગ સ્વરૂપમાં પૂજે છે, પરંતુ શાસ્ત્રીય પરંપરામાં શિવ અને કૃષ્ણ વચ્ચેનો સંબંધ અત્યંત ગહન અને આધ્યાત્મિક છે. વૈષ્ણવ પરંપરામાં ભગવાન શિવને શ્રીકૃષ્ણના પરમ ભક્ત અને વૈષ્ણવોમાં શ્રેષ્ઠ માનવામાં આવ્યા છે. બીજી તરફ, અનેક પરંપરાઓમાં શિવને મહાદેવ, જગતના કલ્યાણકારી અને પરમ તત્ત્વના સ્વરૂપ તરીકે પૂજવામાં આવે છે. શ્રીકૃષ્ણ અને ભગવાન શિવના પરસ્પર સન્માનની અનેક કથાઓ પુરાણોમાં જોવા મળે છે. ભગવાન શ્રીકૃષ્ણ પોતે ભગવાન શિવ પ્રત્યે અત્યંત આદર ધરાવતા હતા. મહાભારત અને પુરાણોમાં વર્ણવાયેલી કથાઓમાં શ્રીકૃષ્ણ દ્વારા શિવની ઉપાસના કરવામાં આવી હોવાના પ્રસંગો મળે છે. આ પ્રસંગોનો મુખ્ય સંદેશ એ છે કે સનાતન ધર્મમાં દેવતાઓ વચ્ચે કોઈ સ્પર્ધા નથી, પરંતુ પરસ્પર પ્રેમ, આદર અને એકતાનું તત્ત્વ છે.

એક પ્રસિદ્ધ પ્રસંગમાં શ્રીકૃષ્ણના પુત્ર પ્રદ્યુમ્નના પુત્ર અનિરુદ્ધના લગ્ન સાથે જોડાયેલી બાણાસુરની કથા આવે છે. બાણાસુર ભગવાન શિવનો પરમ ભક્ત હતો. જ્યારે શ્રીકૃષ્ણ અને બાણાસુર વચ્ચે યુદ્ધ થયું ત્યારે ભગવાન શિવ પોતાના ભક્તની રક્ષા માટે શ્રીકૃષ્ણ સામે યુદ્ધભૂમિમાં ઊભા રહ્યા. આ કથા શ્રીકૃષ્ણ અને શિવ વચ્ચેના આધ્યાત્મિક સંબંધનું અનોખું ઉદાહરણ છે. અંતે શ્રીકૃષ્ણે બાણાસુરનો અહંકાર દૂર કર્યો, પરંતુ શિવના ભક્ત પ્રત્યેના ભાવનું સન્માન કર્યું.

વૈષ્ણવ ગ્રંથોમાં ભગવાન શિવને 'વૈષ્ણવાનાં યથા શંભુઃ' એટલે કે 'વૈષ્ણવોમાં શંભુ સર્વશ્રેષ્ઠ છે' એવા ભાવથી વર્ણવવામાં આવ્યા છે. તેનો અર્થ એ છે કે ભગવાન શિવ પોતે શ્રીહરિના મહાન ભક્ત છે. તેઓ સતત ભગવાનના સ્મરણમાં રહે છે અને ભક્તોને પણ ભગવાનના ચરણોમાં ભક્તિનો માર્ગ બતાવે છે.



ભગવાન શિવનું એક વિશેષ સ્વરૂપ 'ગોપીશ્વર મહાદેવ' તરીકે પણ પ્રસિદ્ધ છે. વૃંદાવનની પરંપરા અનુસાર રાસલીલામાં પ્રવેશ મેળવવા માટે શિવે ગોપીનું સ્વરૂપ ધારણ કર્યું હતું. આ કથા ભક્તિની ઊંડાઈ દર્શાવે છે. અહીં શિવ પોતે પણ શ્રીકૃષ્ણની દિવ્ય લીલાના દર્શન અને અનુભવ માટે તત્પર ભક્ત તરીકે પ્રગટ થાય છે.

આથી 'શિવ શ્રીકૃષ્ણના આરાધ્ય દેવ છે' એવું કહેતી વખતે તેનો અર્થ કોઈ એક દેવને બીજા કરતાં મોટો સાબિત કરવાનો નથી. સનાતન ધર્મનું સૌંદર્ય જ એ છે કે વિવિધ દેવસ્વરૂપો એક જ પરમ તત્ત્વ તરફ લઈ જવાના માર્ગ બની શકે છે. શિવમાં વૈરાગ્ય, ત્યાગ અને કલ્યાણનું દર્શન થાય છે, શ્રીકૃષ્ણના જીવનમાં ધર્મ, કર્મ અને ભક્તિનો સંદેશ છે, જ્યારે ભગવાન શિવનું જીવન ત્યાગ, સમર્પણ અને નિઃસ્વાર્થતાનો સંદેશ આપે છે. બંનેના સ્વરૂપો આપણને અહંકાર છોડીને ઈશ્વર પ્રત્યે પ્રેમ અને સમર્પણનો માર્ગ શીખવે છે.

આપણે ભગવાન શિવને મહાદેવ તરીકે અને શ્રીકૃષ્ણને પરબ્રહ્મના દિવ્ય સ્વરૂપ તરીકે ભજીએ, પરંતુ બંને પ્રત્યે શ્રદ્ધા અને સન્માન રાખવું એ સનાતન સંસ્કૃતિની સુંદર પરંપરા છે. શિવનો કૃષ્ણ પ્રત્યેનો ભક્તિભાવ અને કૃષ્ણનો શિવ પ્રત્યેનો આદર આપણને એક જ વાત શીખવે છે શિવ અને શ્રીકૃષ્ણના સંબંધને સમજવા માટે તેમની લીલાઓની પાછળ રહેલા ભક્તિભાવને સમજવો જરૂરી છે. ભગવાન શિવને 'આશુતોષ' કહેવામાં આવે છે, કારણ કે તેઓ પોતાના ભક્તોની ભક્તિથી ખૂબ જલદી પ્રસન્ન થાય છે. શ્રીકૃષ્ણ પણ ભક્તિ અને પ્રેમને સર્વોચ્ચ સ્થાન આપે છે. ગીતા માં શ્રીકૃષ્ણ કહે છે કે જે ભક્ત પ્રેમથી પત્ર, પુષ્પ, ફળ કે જળ અર્પણ કરે છે, તેની ભક્તિ તેઓ સ્વીકારે છે. એટલે બંને દેવસ્વરૂપોમાં ભક્તિના મહિમાને વિશેષ સ્થાન મળ્યું છે.

> ભગવાન શિવનું એક વિશેષ સ્વરૂપ 'ગોપીશ્વર મહાદેવ' તરીકે પણ પ્રસિદ્ધ છે. વૃંદાવનની પરંપરા અનુસાર રાસલીલામાં પ્રવેશ મેળવવા માટે શિવે ગોપીનું સ્વરૂપ ધારણ કર્યું હતું. આ કથા ભક્તિની ઊંડાઇ દર્શાવે છે. અહીં શિવ પોતે પણ શ્રીકૃષ્ણની દિવ્ય લીલાના દર્શન અને અનુભવ માટે તત્પર ભક્ત તરીકે પ્રગટ થાય છે

વૃંદાવનના ગોપીશ્વર મહાદેવની પરંપરા પણ આ સંબંધને વધુ ગાઢ બનાવે છે. આજે પણ અનેક કૃષ્ણભક્તો વૃંદાવનમાં શ્રીકૃષ્ણની ભક્તિ સાથે ગોપીશ્વર મહાદેવના દર્શન કરે છે. માન્યતા છે કે મહાદેવ રાસલીલાના પવિત્ર રક્ષક તરીકે ત્યાં બિરાજે છે. આ પરંપરા આપણને શીખવે છે કે ભગવાનના કોઈપણ સ્વરૂપની સાચી ભક્તિ અંતે પ્રેમ, વિનમ્રતા અને સમર્પણ તરફ લઈ જાય છે.

શિવનો ત્રીજો નેત્ર આપણને આંતરિક જ્ઞાનનું સ્મરણ કરાવે છે, જ્યારે શ્રીકૃષ્ણની વાંસળી આપણને પ્રેમ અને આત્મસમર્પણનો સંદેશ આપે છે. એક તરફ શિવ વૈરાગ્યના પ્રતીક છે અને બીજી તરફ કૃષ્ણ જીવનના મધુર આનંદના. પરંતુ બંનેનો અંતિમ સંદેશ એક જ છે– મનુષ્યે પોતાના અહંકારને છોડીને પરમાત્મા પ્રત્યે પ્રેમ અને શ્રદ્ધાથી જીવન જીવવું જોઈએ.

આથી શિવ અને કૃષ્ણને લઈને ભેદભાવ કરવાને બદલે તેમના પરસ્પર પ્રેમ અને આદરને સમજવો.

---

# સદાબિહારી

**બાઉલ કથા**



**લેફ્ટેનન્ટ સતીશ વ્યાસ**

બાઉલની સૌથી વધુ મજા એ છે કે તેમની વાતમાં, ગીતમાં ક્યાંય પુનરાવર્તન ન હોય. અંગ્રેજી ભાષામાં કહીએ તો 'નો રીપીટ!' બાઉલનાં ગીતો પણ નવોન્મેશવાળા, નવપ્રેરણાવાળા અને તેના વિચારો પણ સાવ તાજા હોય!

વર્ષો પહેલાં હું રૂપસે નદીના કાંઠા પર બેતાગતા ગામના કાંઠે શુકુનદાસ બાઉલ પાસે ગયો હતો. તે બાઉલ સાધનામાં ખૂબ ઊંચાઈ ધરાવતા હતા. તેમને બે શિષ્ય હતા, રંજનદાસ અને બિહારીદાસ! તેની પાસે તે બંને શિષ્યો સંગીત, સાધના, શિક્ષા અને દીક્ષામાંથી દીક્ષાના છેલ્લા તબક્કામાં હતા.

આજે દસ વર્ષ પછી ફરી આપણને ત્યાં જવાની ઈચ્છા થઈ. પહોંચ્યો ત્યારે જાણ્યું કે સુકુદાસ તો સ્વર્ગવાસી થઈ ગયા . હવે તે આશ્રમ તેના શિષ્ય પૈકીના એક રંજનદાસ સંભાળતા હતા

મેં રજનદાસ ને પૂછ્યું, ''તમારી સાથે તમારો એક ગુરુભાઈ હતો બિહારીદાસ તેણે ક્યાં આશ્રમ બનાવ્યો?''

તે હસવા લાગ્યા. તેમણે કહ્યું, ''શું શોધમાં છો, સતીશ! કોકીલેર બાસા?'' (તમે શાની શોધમાં છો? સતીશ! કોયલના માળાની?)



મેં પૂછ્યું ''કેમ?''

બાઉલે કહ્યું, ''અમારી બાઉલધારામાં, કોઈ શિષ્યને તેના પ્રાકૃતિક વિકાસથી વિરુદ્ધ, દમન કરી, તાલીમ અપાતી નથી! હા, તે મૂળ બાઉલ ધારા સાથે જ વિક્ષેપક હોય તો તેને રજા આપવામાં આવે છે! બાકી દમન તો ક્યારેય પણ થતું નથી. અમારા ગુરુ એ રીતે વિશિષ્ટ હતા. તમને ખબર છે બિહારીનું ખરું નામ તો રોશનદાસ હતું! પરંતુ ગુરુએ તેમને આ નામ આપેલું,''

મેં પૂછ્યું, ''કેમ?''

રંજનદાસ હસવા લાગ્યા અને બોલ્યા, ''અમારા દીક્ષા પછી નામ બદલે છે, તે નામ આમારા નિજી ગુણદોષના આધારે પાડવામાં આવે છે.''

થોડું રોકાયો અને ફરી બોલ્યો, ''તમે કેટલા દિવસ અહીં છો? બિહારીની ભાળ મળે કે તરત જ હું તમને જણાવીશ કે તે ક્યાં છે?''

મેં કહ્યું, ''અઠવાડિયા સુધી હું કામ સબબ કલકત્તામાં છું, મને કહેજો!''

બે દિવસ પછી, રંજને હોટલમાં રીંગ કરી મેસેજ છોડ્યો કે બિરહીદાસ હઠીલા અને મયૂર નદીના સંગમ સ્થાન પર, રતનદાસ બાઉલના આશ્રમે બે દિવસ રોકાવાના છે.

હું બીજે દિવસે જ રતન દાસના આશ્રમે પહોંચ્યો. બિરહી દાસ મને જોઈને ખુશ થયા.

થોડી વાતચીત પછી, મેં બિરહીને પૂછ્યું, ''બિરહી! તમે આશ્રમ કેમ નથી બનાવ્યો?''

તે હસવા લાગ્યો અને બોલ્યો, ''થોડી મારી મરજી અને ઉપર ગુરુ આજ્ઞા!''

મેં કહ્યું, ''કંઈ સમજાય તેમ કહો!''

તે બોલ્યો, ''હું ગુરુ આશ્રમમાં રહેતો ત્યારે પણ મને આશ્રમના શ્રમનાં કાર્યો કરવા ન ગમતાં. ગુરુ પણ તે વિગત જાણતા હતા. મને બાઉલ તત્ત્વની સાધના સિવાય, ભિક્ષાટન, વૃક્ષારોપણ, બાગાયત, ઝૂંપડાં બાંધવાં, કાંટાની વાડ સરખી કરવી, તે બધું અરુચિકર લાગતું. મારો ખોરાક પણ થોડો વધુ હતો. માછલી ખૂબ ખાતો. તેથી સમાવર્તન (એટલે કે દીક્ષા સમયે) ગુરુએ કહ્યું, ''બેટા રોશન! તને એક ગીતની બે કડી કહું છું, તે સ્મૃતિગત કરી લેજે! તે બે કડીને ગુરુ આદેશ સમજજે!''

મેં પૂછ્યું, ''શું હતી એ કડી?''

તે બોલ્યો,

> મારા ગુરુ મારી નબળાઇ જાણતા હતા. મારું ખાઉધારાપણું, આરામપ્રિયતા, આશ્રમ ન ચલાવવાની વૃતિ, એ બધી નબળાઇઓ તેમણે જોઇ હતી

માછેર ખેઉના ,
ઘુમાઉ માછેર પાતો!
અનિકેત હવે જાબો!
માછેર માર્ગે ચાલો!

મેં પૂછ્યું, ''આનો અર્થ સમજાવો.''

તે બોલ્યો, ''માછલી ન આરોગતો. માછલીની જેમ જ સદાય તરતો રહેજે! આશ્રમ વગર જ ઘુમક્કડ જીવન જીવજે અને મીન માર્ગી એટલે કે પ્રવાહથી ઉફરો ચાલજે!''

બાઉલની આંખ ભીની થઈ ગઈ. તે બોલ્યો, ''મારા ગુરુ મારી નબળાઈ જાણતા હતા. મારું ખાઉધારાપણું, આરામપ્રિયતા, આશ્રમ ન ચલાવવાની વૃતિ, એ બધી નબળાઈઓ તેમણે જોઈ હતી. પરંતુ સમાજ અને અખાડાના કુમાર્ગો સામે ઉફરા ચાલી અને મારી મીનમાર્ગી લડાયક વૃત્તિ પણ તે જાણતા હતા અને મારે સદા વિહારમાં જ રહેવાનું હોય મારું નામ પણ વિહારી દાસ એટલે કે બિહારી દાસ પાડી દીધું!''

ઉપરની પંક્તિનું સમગાની
બન મચ્છ શયની, ન મત્સ ભોગી
રહે અનીકેતન,બન મચ્છ માર્ગી

બાઉલ ગુરુની આફતને અવસરમાં પલટાવી દેવાની કળાને, હું વંદન કરતો રહ્યો!